**<u>વારસા પ્રા.અરજી. નં.૦૧/૨૦૧૯.</u>**

**અરજી દાલખ કર્યા તારીખ**
**અરજી રજીસ્ટર કર્યા તારીખ**
**અરજી ફેસલ કર્યા તારીખ**
**સમયગાળોઃ વર્ષ. માસ. દિવસ.**

**<u>બોરસદનાં મહેરબાન એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં,</u>**

**<u>મુ.બોરસદ.</u>**

**<u>વારસા પ્રા.અરજી. નં.૦૧/૨૦૧૯.</u>**

**<u>આંક :–</u>**

**<u>અરજદાર :–</u>** **સંજયભાઈ રમણભાઈ પટેલ. ઉ.વ.૪૭. ધંધો–વેપાર.**
**રહે.મુ.પો.વાલવોડ. તા.બોરસદ. જી.આણંદ.**

**વિરુધ્ધ**

**<u>સામાવાળાઃ–</u>** **(૧).મહેશભાઈ રમણભાઈ પટેલ. ઉ.વ.૪૯. ધંધો–નોકરી.**
**(૨).પ્રતિભાબેન તે રમણભાઈ નારણભાઈ પટેલની દીકરી તે,**
**વિનોદભાઈ ઈશ્વરભાઈ પટેલની પત્ની. ઉ.વ.૪૭. ધંધો–ઘરકામ.**
**નં.૧.રહે.મુ.પો.વાલવોડ.તા.બોરસદ.હાલ રહે–અમેરીકા.**
**નં.૨.રહે.મુ.નડીયાદ.ઠે.રત્નસાગર સોસાયટી.જી.ખેડા.**

**<u>વિષયઃ–સકસેશન એકટની કલમ–૩૭૨ મુજબ વારસાઈ સટીફિકેટ મેળવવા બાબત.</u>**

**<u>અરજદાર તરફે વિ.વ.શ્રી.ડી.જે.રબારી.</u>**

**<u>સામાવાળા તરફે વિ.વ.શ્રી.વી.કે.રબારી.</u>**

<u>વારસા પ્રા.અરજી. નં.૦૧/૨૦૧૯.</u>

-: <u>ઠ રા વ :-</u>

(૧). આ કામના અરજદારના પિતાશ્રી રમણભાઈ નારણભાઈ પટેલ તા.૧૫/૦૬/૧૮ નારોજ ગુજરી ગયેલા છે. અરજદારના માતૃશ્રી સવીતાબેન રમણભાઈ પટેલ તા.૨૪/૧૨/૧૩ નારોજ ગુજરી ગયેલા છે. અરજદારના પિતાશ્રી જીવતા હતા ત્યારે અરજદારના પિતાશ્રીએ મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીનો વીમો લીધેલ જેનો પોલીસી નંબર–૩૨૬૪૦૧૩૭૯ છે. અરજદારના પિતાશ્રી ગુજરી ગયેલ હોઈ અરજદારને વીમા પોલીસી મળી આવતા અરજદારે વીમા કંપની ને અરજી કરેલ જેનો વીમા કંપની એ તારીખ ૨૫/૦૮/૨૦૧૮ નારોજ જવાબ આપીને ગુજરનારે વીમા કંપનીમા ફોર્મમા નોમીની તરીકે કોઈને નામ દાખલ કરાવેલ નહી હોવાથી અરજદારને હાલની અરજી દાખલ કરવાની જરુરીયાત ઉપસ્થિત થયેલ છે.સદરહુ વીમો અરજદારના મૈયત પિતા નામે રમણભાઈ નારણભાઈ પટેલ ના નામે ચાલી આવેલ છે અને અરજદારના પિતાશ્રી રમણભાઈ નારણભાઈ પટેલ તા.૧૫/૬/૧૮ નારોજ ગુજરી ગયેલ છે જેથી સદરહુ વીમાની રકમ રૂા.૩,૩૪,૮૫૧–૪૮ પૈસા વીમા કંપનીમા છે. ગુજરનાર રમણભાઈ નારણભાઈ પટેલના અરજદાર તથા અરજદારના ભાઈ નામે મહેશભાઈ રમણભાઈ પટેલ તથા બહેન નામે પ્રતિભાબેન રમણભાઈ પટેલ કાયદેસરના સીધી લીટીના વારસદારો છે.આ સિવાય અન્ય કોઈ વારસદાર નથી.જેથી અરજદારે હાલની અરજી દાખલ કરીને ગુજરનાર રમણભાઈ નારણભાઈ પટેલના વિમાની રકમ રૂ.૩,૩૪,૮૫૧–૪ ૮ પૈસા ( અંકે રૂપિયા ત્રણ લાખ ચોત્રીસ હજાર આઠસો એકાવન અને અડતાલીસ પૈસા) પુરાની રકમ મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની અરજદારને ચુકવી આપે તે મતલબનુ અરજદારના નામનુ સકસેશન સટીફિકેટ કાઢી આપવા માંગણી કરેલ છે.

(૨). હાલની અરજી દાખલ થતા,આ કામે અરજદારની સદરહુ અરજી સામે વાંધા–તકરાર મં ગાવતી,જાહેર નોટીસ દૈનીક પેપર દિવ્ય ભાસ્કર, આણંદ જીલ્લા આવૃતિમાં અરજદારના ખર્ચે પ્રસિધ્ધ કરવાનો હુકમ થયેલ છે. તે હુકમ અનુસાર અરજદારે તારીખ ૧૩/૦૬/૨૦૧૯ ના રોજ દિવ્ય ભાસ્કર, આણંદ જીલ્લા આવૃતિમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામા આવેલ છે જે પેપર નોટીસ આ કામે આંક–૧૦ થી રજુ

કરવામા આવેલ છે. અને તે નોટીસથી વાંધા–તકરાર રજુ કરવાની સમય મર્યાદા તારીખ ૦૧/૦૭/૧૯ ની નકકી કરવામા આવેલ પરતું આ અરજી સામે કોઈ વાંધા –તકરાર રજુ થયેલ નથી.

(૩). આ કામે સામાવાળા ને ધોરણસર નોટીસ બજતા સામાવાળા તેમના વિ.વ.શ્રી. મારફતે કોર્ટમા હાજર થયેલા છે. આ કામે સામાવાળા એ આંક–૧૧ થી પોતાનો લેખીત જવાબ રજુ કરીને, અરજદારની અરજીમા જણાવેલ સઘળી હકીકતો સાચી અને ખરી હોવાનુ જણાવીને અરજદારની માંગણી મુજબ સકસેશન સટીફિકેટ અરજદારને આપવાા આવે તો તેઓ સામાવાળાને કોઈ વાંધો તકરાર નથી તેવી રજુઆત કરીને અરજદારની સદરહુ અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૪). આ કામે અરજદાર સંજયભાઈ રમણભાઈ પટેલ નાઓ એ આંક–૧૩ થી પુરાવા સ્વરુપનુ સોગદનામુ રજુ કરીને, તેમણે અરજીની હકીકતોને સમથન કરતી હકીકતો જણાવેલી છે.તદ ઉપરાત આ કામે અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૧૫ થી આંક–૧૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. આ કામે સામાવાળા એ આંક–૧૧ થી પોતાનો લેખીત જવાબ રજુ કરીને અરજદારને માંગ્યા મુજબ સકસ ેશન સટીફિકેટ આપવામા આવે તો તેઓ સામાવાળાને કોઈ વાંધો નથી તેવી હકીકત જણાવેલ છે. તદ ઉપરાત અરજદારની ઉપરોકત અરજી સબધે અન્ય કોઈ ઈસમ પોતાની વાંધા તકરાર લઈ અત્રેની કોર્ટમા હાજર થયેલ નથી.તદ ઉપરાત ઉપરોકત મુજબ રેકર્ડ ઉપર આવેલ પુરાવો લક્ષ મા લેતા,આ કામના અરજદાર સંજયભાઈ રમણભાઈ પટેલ ગુજરનાર રમણભાઈ નારણભાઈ પટેલના કાયદેસરના સીધી લીટીના વારસદાર હોઈ,અરજદાર તરફે રજુ કરવામા આવેલ ઉપરોકત દસ્તાવેજો લક્ષમા લેતા, તથા તમામ રેકર્ડ ઉપરની હકીકતોને ધ્યાને લેતા, અરજદારની અરજીમા જણાવેલ હકીકતો નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. તેવા સંજોગોમા અરજદાર માંગણી મુજબનુ વારસાઈ સટીફિકેટ મેળવવાને હકદાર બનતા હોઈ, ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

–:હુ ક મ:–

૧. અરજદારની અરજી મજુંર કરવામાં આવે છે.

**<u>વારસા પ્રા.અરજી. નં.૦૧/૨૦૧૯.</u>**

**૨. અરજદારે જરુરી કોર્ટ ફી સ્ટાંપ રજુ કરેથી,અરજદાર સંજયભાઈ રમણભાઈ પટેલ ગુજરનાર રમણભાઈ નારણભાઈ પટેલના કાયદેસરના સીધી લીટીના વારસદાર હોઈ,ગુજરનાર રમણભાઈ નારણભાઈ પટેલના મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ વીમા કંપનીની રકમ રૂા.૩,૩૪,૮૫૧–૪૮ પૈસા (અંકે રૂપિયા ત્રણ લાખ ચોત્રીસ હજાર આઠસો એકાવન અને અડતાલીસ પૈસા) પુરાની રકમ,મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની એ અરજદારને ચુકવી આપે તે મતલબનુ અરજદારના નામનુ સકસેશન સટીફિકેટ કાઢી આપવાનો હુકમ કરવામા આવે છે.**

**આજરોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચ–સંભળાવી જાહેર કર્યો.**

**તા.૧૨/૦૧/૨૦૨૧.**
**બોરસદ.**

**(સાહીલભાઈ રજાકભાઈ મુલતાની)**
**એડી.સીનીયર સીવીલ જજ,બોરસદ.**
GJ01143